**DM-001-001266** Seat No. ________

**B. A. (Sem. II) (CBCS) Examination**

**March - 2022**

**Gujarati : Paper-4 (Elective-1)**

***ગુજરાતી વ્યાકરણ, સર્જન-લેખન કૌશલ-૨***

*(Old Course)*

**Faculty Code : 001**

**Subject Code : 001266**

Time : $2\frac{1}{2}$ Hours] [Total Marks : **70**

**સૂચના :** (1) કુલ પાંચ પ્રશ્નોના ઉત્તર આપવાના છે.

(2) દરેક પ્રશ્નના ગુણ સરખા છે.

1 નીચેના 'બે' પૈકી કોઈપણ **'એક'** ગદ્યખંડનું વિવરણ કરો. 14

(1) કવિતામાં રસ હોવો જોઈએ એમ વારંવાર કહેવાય છે; 'રસાત્મક વાક્ય તે કાવ્ય' એવું લક્ષણ પણ સિદ્ધરૂપે મનાય છે. રસનું સ્વરૂપ એવું કહેવાય છે કે શબ્દાર્થનું ગ્રહણ થતાં આખો સંદર્ભ ચાલે ત્યાંસુધી જે આનંદની સ્થિરતા મનમાં થાય તે રસ છે, પરંતુ પ્રકૃતિ અનુસાર સર્વને જુદે જુદે ઠેકાણે જુદી જુદી ભાષામાં જુદી જુદી સ્થૂલતા કે સૂક્ષ્મતામાં આનંદ આવે છે. એ બધા આનંદ રસ નથી, એમ હોય તો ગદ્ય જેવાં અનુપ્રાસવાળાં વચનો પણ કવિતા ગણાય. બીભત્સવર્ણનો પણ ઉત્તમ શૃંગાર ગણાય. નીતિથી ભ્રષ્ટ કરનાર ઉત્તેજક વાક્યો પણ કાવ્યપ્રતિભાનાં બાલક થઈ જાય, જે રસનું આપણે આગળ વર્ણન કરી આવ્યા અને જે રસને અવલંબીને કવિ અને તત્ત્વજ્ઞ એકની એક જ ભૂમિકામાં ભેગા થઈ શકે છે, તે રસ કાવ્ય માત્રનો જીવ છે. એમાં સંશય નથી, એમાં અનીતિ, અસત્ય, અનાચાર તેનો સંભવ જ નથી.

- મણિલાલ દ્વિવેદી

**અથવા**

(2) કૃતિમાં તમારા વ્યક્તિત્વની છાપ જેમ ઓછી રહે એમ તમારી કલા વધારે વિજયી. ક્ષણિક પ્રસંગ ભલે આલેખો, તુચ્છ મનાતા વિષય પર પણ ભલે

લખો, પરંતુ પેલું ખાબોચિયું ગગનનું પ્રતિબિંબ બની રહે છે, એ જ કલ્પના કીમિયાનો ખરો આદર્શ છે. તુચ્છ, લઘુ, ક્ષણિક કે સવાક્ષણિકના નિરૂપણમાં, અનંતતા અને અજબતા સાથે જુઓ-બતાવે તે જ કલ્પના નેત્ર. ક્ષર ને અક્ષર કરે, અણુને મહાન કરે, આ કાને પેસી બીજે કાને નીકળી જવાની પ્રકૃતિવાળાં શબ્દ ઝૂમખાંને મગજમાં ચોંટાડી દે, સ્વપ્નામાં પણ તેનું રટણ કરાવે, તે જ કલાનો વિજય અને કવિતાની સિદ્ધિ. નવું સંગીન અને બિનંગત બિનંગત સંગીન અને નવું ઉપજાવે તે તે સાહજિક સૌંદર્ય સેવક જ કવિ.

- બળવંતરાય ઠાકોર

2 નીચેના 'બે' પૈકી કોઈપણ **'એક'** ગદ્યખંડનું સંક્ષેપીકરણ કરો. 14

(1) આપણને જે જરૂર છે તે બળની છે. તમે તમારી જાતમાં આત્મશ્રદ્ધા પ્રગટાવો. આપણે આત્મશ્રદ્ધા ખોઈ બેઠા છીએ અને તેથી જ ગુપ્તવિદ્યા, રહસ્યવિદ્યા અને એવી છાનીછાની બાબતો આપણામાં ઘૂસતી આવે છે. તેમાં કદાચ સત્ય હશે, પણ એ બધી વિદ્યાઓએ આપણને લગભગ નિર્માલ્ય બનાવી દીધા છે. તમારા જ્ઞાનતંતુઓ મજબૂત બનાવો. આજે આપણને જરૂર છે લોખંડી સ્નાયુઓની અને પોલાદી જ્ઞાનતંતુઓની. ઘણા કાળ સુધી આપણે રોતલ રહ્યા છીએ. હવે રોવાનું છોડી દઈને તમારા પોતાના પગ પર ખડા થાઓ અને મર્દ બનો. મર્દ બનાવનારા ધર્મની આપણને જરૂર છે, મર્દ બનાવનારા સિદ્ધાંતોની આપણને જરૂર છે અને સાચનું પારખું આ છે : જે કાંઈ તમને શારીરિક રીતે, બૌદ્ધિક રીતે અને આધ્યાત્મિક રીતે દુર્બળ બનાવે તેને ઝેર ગણીને છોડી દો. એવી વસ્તુમાં જરાય પ્રાણ નથી, એ સાચું હોઈ શકે જ નહિ. સત્ય એટલે શક્તિ, સત્ય એટલે પવિત્રતા, સત્ય એટલે સર્વજ્ઞતા. સત્ય તો માણસને બળદાયક નીવડવું જોઈએ, પ્રકાશ આપનાર હોવું જોઈએ, જોમદાયક હોવું જોઈએ.

- સ્વામી વિવેકાનંદ

**અથવા**

(2) સમાજવાદ અને સમાજધર્મ એમાંથી પહેલી વાત આપણા યુવાનોને આકર્ષે છે. બીજી વાત વિશે આપણને કાંઈ ખ્યાલ જ નથી. સમાજના ઊંડામાં ઊંડા થર સુધી જે વાત રહી છે એ વાતનો તાગ લેવાની અશક્તિએ આપણને એકદમ સસ્તામાં સિદ્ધ થાશે એમ ધારીને સમાજવાદ તરફ ધકેલ્યા છે. આર્થિક ચક્રોની ગતિ એવી રીતે ગોઠવાયેલી છે કે આપણે એમાંથી કાંઈપણ સિદ્ધ કરવું હોય તો આ બંનેને અપનાવવા પડશે, સમાજવાદને તેમજ સમાજધર્મને. સમાજધર્મ તેમને એ શીખવે છે કે જ્યાં તમે છો, ત્યાં જે સમાજ છે, તેમાં

તમે સામાન્યની પેઠે જીવતાં શીખો. તમારા સિક્કાના બળ વડે જુદું વિશિષ્ટત્વ સ્થાપવા પ્રયત્ન ન કરો. મોટર લાવો તો કાં તો સૌ મોટરમાં બેસી શકે એવું કરો. અથવા તો સૌ ચાલો એવો શક્તિસંચય કરો. વિશિષ્ટ હક્કો હંમેશાં ઈર્ષાને પોષે છે, એમાંથી વૈર જન્મે છે, વૈરને લીધે વૈરની વૃદ્ધિ થાય છે અને છેવટે પ્રજા નાશ પામે છે. પોતાની પાસે સાધન છતાં, એ સાધનોનો વધારેમાં વધારે સાર્વજનિક ઉપયોગ કેમ થઈ શકે એવી વ્યવસ્થા જે સમાજ કરશે એ સમાજને જ હવે સમાજ ટકવા દેશે. આ વસ્તુ શ્રીમંતોને તેટલી જ લોકનેતાઓને ને ગવર્નરોને પણ લાગુ પડશે.

- ધૂમકેતુ

3 બહુવ્રીહિ' અને 'તત્પુરુષ' સમાસની વ્યાખ્યા આપી, તેના પ્રકારોની ઉદાહરણસહ સમજૂતી આપો. **14**

**અથવા**

3 'કર્મધારય' અને 'ઉપપદ' સમાસની વ્યાખ્યા આપી તેના પ્રકારોની ઉદાહરણસહ સમજૂતી આપો. **14**

4 નીચેનામાંથી કોઈ **'એક'** ગદ્યખંડમાં યોગ્ય વિરામચિહ્નોનો ઉપયોગ કરી પુનઃ ગદ્યખંડનું લેખન કરો. **14**

(1) જાત મહેનત મનુષ્ય માત્રને સારુ અનિવાર્ય છે એ વાત મને પ્રથમ સોંસરવી ઊતરી ટૉલ્સ્ટૉયના એક નિબંધ ઉપરથી એટલી સ્પષ્ટ આ વાતને જાણ્યા પહેલાં તેનો અમલ કરતો થઈ ગયો હતો રસ્કિનનું અન ટુ ધિસ લાસ્ટ વાંચ્યા પછી તુરત જાત મહેનત અંગ્રેજી શબ્દ બ્રૅડ લેબરનો અનુવાદ છે બ્રૅડ લેબરનો શબ્દશઃ તરજુમો રોટી મજૂરી રોટીને સારુ પ્રત્યેક મનુષ્યે મજૂરી કરવી જોઈએ શરીર વાંકુંવાળવું જોઈએ એ ઈશ્વરી નિયમ છે

**અથવા**

(2) ગંગાએ જરા લોટવાળા હાથ ખંખેરતાં હસતે મોઢે બહાર આવી કહ્યું ભાઈ તમારે માટે ભજિયાંનો લોટ જરા દળતી હતી મોઢું કેમ સુકાઈ ગયું છે મુકન્દે એ જ અવાજમાં કહ્યું પણ હજી તમે રસોઈ ન કરી મેં તાર કર્યો હતો ને કેટલું બધું મોડું થયું

5 નીચેના '04' પૈકી કોઈપણ **'02'** પ્રશ્નના માગ્યા પ્રમાણે ઉત્તર આપો. **14**

(1) નીચેના રૂઢિપ્રયોગોના અર્થ આપી વાક્યમાં પ્રયોગ કરો.

(1) 'કાસળ કાઢવું'

(2) 'કોણીએ ગોળ લગાડવો'

(3) 'ખાડામાં ઉતારવું'

(4) 'ઘડો ફૂટવો'

(5) 'ઘડોલાડવો થવો'

(6) 'ઘોળીને પી જવું'

(7) 'ચૌદમું રતન'

(2) નીચેની કહેવતોનો અર્થ આપો.

(1) આપ ભલા તો જગ ભલા'

(2) 'આંધળામાં કાણો રાજા'

(3) 'ઈદ પછી રોજા'

(4) 'ઉજ્જડ ગામમાં એરંડો પ્રધાન'

(5) 'ઊજળું એટલું દૂધ નહિ'

(6) 'કાંકરે કાંકરે પાળ બંધાય'

(7) 'ઘરનાં છોકરાં ઘંટી ચાટે ને ઉપાધ્યાયને આટો'

(3) અવતરચિહ્ન, ઉદ્‌ગારચિહ્ન અને પ્રશ્નચિહ્નનો પ્રયોગ વાક્યમાં ક્યારે કરવામાં આવે છે ? તે જણાવી, ત્રણેય ચિહ્નો માટે પ્રયોજાતી નિશાનીની ઓળખ ઉદાહરણ સાથે આપો.

(4) નીચેના સમાસોનો વિગ્રહ કરી સમાસ ઓળખાવો.

(1) પ્રાણપ્યારું

(2) બજારભાવ

(3) વાણીશૂરો

(4) વહુઘેલો

(5) કલ્પવૃક્ષ

(6) સંસારસાગર

(7) ચોમાસુ